


**‘કલ્પના’ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.**

## છઠ્ઠી ઈન્દ્રિયની કલ્પના

કલ્પના એવી કરો કે સત્ય બની જાય,
ઈશ્વરના સંકેતથી અંતરમન ઝળહળી જાય.
જે થવાનું હોય તેનો આભાસ પહેલાં મળે,
છઠ્ઠી ઈન્દ્રિયે જીવનનો સાચો માર્ગ મળે.
સંકેતોને સાચવી વિશ્વાસથી આગળ વધો,
કલ્પનાને કર્મમાં ઉતારી સપનાંઓ ગઢો.
સત્ય બની જ્યારે એ ક્ષણ સામે આવી જાય,
અનંત આનંદે આત્મા ઈશ્વરમાં લીન થઈ જાય.
- અંકુરભાઈ ગુલાબભાઈ લાડ(બામણવેલ)

## કાશ, મને મળે

કાશ, મને મારી કલ્પનાનું નગર મળે,
ભીતરે ભૂલાતાં સપનાં ફરી જડે!
ગામનું પાદર મળે ને ગોધૂલિ માણવી મળે
વળી, શહેરમાં પણ ક્યાંય મોબાઈલ ન જડે!
વડીલોની વાર્તા ને મિત્રોની મહેફિલ મળે,
એ જ ભૂલાયેલી રમતો ફરી રમવા મળે!
ચોખ્ખાં ધાન ને શાક મળે, મીઠડાં દૂધની ધાર મળે,
દર્દીઓથી ઉભરાતાં દવાખાનાં ક્યાંયે ન જડે!
પગલાં મંદિરમાં હું પાડું ને આ પ્રાર્થના ફળે
સુંદર સપનાંઓનું જગત વાસ્તવમાં સૌને મળે!
- રીટા સંજય વશી

## કલ્પનાની ઉડાન

*કલ્પનાની* સ્વપ્નને આપે આંખો,
મનના વિચારોને આપે પાંખો.
કલ્પના એવી દિવ્ય મનોરચના,
સ્વપ્નને સાકાર કરવાની પ્રેરણા.
એક નજરે જે સમાય દશ્યો,
મનમાં જાગે સર્જનના દષ્ટિકોણો.
વિચારોને જ્યારે સંકલ્પ મળે,
કર્મોને નવી દિશા ને વેગ મળે.
અવિરત પ્રયત્ન સાથે ધ્યેય સિદ્ધ થાય,
ઈચ્છિત ફળશ્રુતિ જીવનમાં પ્રાપ્ત થાય.
કલ્પના છે પ્રગતિનું પ્રથમ સોપાન,
તેમાંથી જ રચાય ઉજ્જવળ
આવતીકાલ.
- સીમા પરીખ (સુરત)

## ક્યારેક

ક્યારેક હું કલ્પનામાં આકાશને આંબતી,
ત્યાં જઈ તારાઓની મહેફિલને
માણતી,
ક્યારેક હું પાતાલને ખોળે બેસતી,
ત્યાં જઈ નાગલોક સાથે રમતો
રમતી,
ક્યારેક હું પરીઓના દેશમાં જતી,
ત્યાં જઈ પરીઓની વાતોને માણતી,
ક્યારેક હું પર્વતોની ટોચે પહોંચતી,
ત્યાં જઈ પૃથ્વીની દુનિયાને માણતી,
ક્યારેક હું ઝરણાંની ગોદમાં બેસતી,
ત્યાં જઈ ઠંડી ઠંડી હવાને માણતી,
કલ્પનાઓ છૂટતાં સ્વપ્નાંઓ તૂટતાં,
તો યે હું કલ્પનાના હિલ્લોળે હીંચતી.
– બિનાઇફર એરિક ડુમસીઆ (સુરત)

## ‘ગોરમા’ પર કાવ્ય અને અલૂણાંને અનુરૂપ મુખપૃષ્ઠ માટે તસવીર મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે.‘ગોરમા’. **અલૂણાંને અનુરૂપ ગોરમા પૂજતી બાળાની તસવીર** અને તમારી મૌલિક કૃતિ અમને 18-07-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.
Email:sannari@gujaratmitra.in - **સંપાદક**



## કલ્પનાનું દ્વૈત

કલ્પના એક દરિયો છે, જ્યાં લહેર અને તોફાન છે,
ક્યાંક આશાનું કિરણ, તો ક્યાંક ડરનું મૌન છે.
સપનાંના મહેલો બાંધીને આભ આંબી લઈએ,
નવા વિચારોની ઉડાનથી સફળતાના શિખર પામી લઈએ.
ક્યારેક એ જ કલ્પના મનમાં ભયનો પડછાયો લાવે,
જે નથી થવાનું એના વિચારોથી મન ગભરાવે.
સિક્કાની બે બાજુ જેવી આ કલ્પનાની શક્તિ છે,
સકારાત્મકતામાં વિજય છે, નકારાત્મકતામાં અશક્તિ છે.
આજે તું દુનિયાને તારા વિચારોના રંગે લે નિહાળી,
જેથી કલ્પના તારી સદા રહે, સૌથી સુંદર ને સૌથી નિરાલી!
- નિરાલી ઠોરિયા (મોરબી)

## કવિની કલ્પના

કવિની કલ્પનામાંથી આંગળીના ટેરવા પર
રમતી ધીરે ધીરે, ડગ માંડતી,કવિતા,
કોઈ નવોઢા સમી, મલપતી ચાલથી,
કવિથી ભાવકના મન તરફ ઊતરી જાય છે.
હિતેન્દ્ર ટેલર (નવસારી)

## હાઈકુ

કવિ કલ્પના
કરે, કવિતા રચે-
ભાવક માણે
***
કલ્પના કરું
હું ઈશ્વર હોઉં તો;
ધરા જ સ્વર્ગ !
***
કલ્પના કરી
પાંખ વગર આભે
કરું વિહાર !
***
કલ્પના કરું
વૃક્ષોને પાંખો આપી
પંખી બનાવું
- કિશોર આર. ટંડેલ. નવસારી


## કલ્પનાની વાટે

કલ્પનાના રંગોની પીંછી થકી,
સજાવટ કરી પૂરા આયખાની.
કૈંક નિરાશાઓ, કૈંક વિપદાઓ,
તોય, જીવતર માણી લીધું કલ્પનાના સહારે.
ખુલ્લી આંખે સપનાંઓ નિહાળી લીધાં,
કલ્પનાની પાંખે સવાર થઈને.
અરે, અમૃતની કલ્પના કરી,
વખ પણ ઘોળી ગયા અમે.
- નીલેશ એ. દેસાઈ (ગડત)



## લાગે કલ્પના ખુશીની ખોજ...

મુને સપ્તરંગી કલ્પના, લાગે મીઠી રસમધુરી,
આપે સુખશાંતિ, ના કોઈ દુઃખનો સ્પર્શ અહીં.
મનમાં ખીલે આશાનાં ફૂલો, ન આકાંક્ષા અધૂરી,
દીપક બની પ્રકાશ અર્પે, ભગાવે અંધકાર દૂર કહીં.
નદી ગુંજવે મધુરાં ગીતો, પર્વત હસે અહીં મૌન બની,
પવન સુગંધિત સંદેશ અર્પે, મન ખુશીના વનમાં જઈ.
કલ્પનાનું આકાશ વિશાળ, અર્પે ચાંદ શીતળ ચાંદની,
મનના પંખી પાંખો ફફડાવે, ઊડે નીલગગનમાં વિહરી,
લાગે કલ્પના ખુશી ની ખોજ, ‘યોગી’ જગતમાં જીવી,
સૌના જીવનમાં સુખ જ બક્ષે, કરું પ્રાર્થના ભીતર મહી.
- યોગેન્દ્ર પટેલ (સુરત )



## ગઝલ

શબ્દોની કલ્પના હોય છે.
સાચી કોઈ ઝંખના હોય છે.
સઘળું તગઝ્ઝૂલમાં લખો,
એ ગઝલની તમન્ના હોય છે.
તમે જ્યારે મળો છો મને,
સુવર્ણ એક ઘટના હોય છે.
ગુનાઓથી પવિત્ર થવાની,
દુવા- સાચી યાચના હોય છે.
- ઈમરાન ખાન (કઠોર)



## અનંત આકાશ કલ્પના

બંધ આંખે ખૂલતું એક અનંત આકાશ
એટલે કલ્પના,
જ્યાં સમયનાં કોઈ બંધન નથી,
અને દિશાઓની કોઈ સરહદ નથી.
પીંછી વિના ચિતરાતાં મેઘધનુષના રંગો,
અને વાદ્ય વિના સંભળાતું એક મધુર
સંગીત.
વાસ્તવિકતાની ધૂળભરી જમીન પરથી,
સીધી તારાઓ સુધી પહોંચવાની એક
ગુપ્ત કેડી.
ક્યારેક એ એક નાનકડી પાંખ બનીને
આવે છે,
તો ક્યારેક આખેઆખું વાવાઝોડું.
વિચારોના શાંત સરોવરમાં પડતો એક
કાંકરો,
જે સર્જે છે અગણિત વમળો.
જે અસ્તિત્વમાં નથી તેને જોવાની તાકાત,
અને જે શક્ય નથી તેને જીવવાની મજા.
કલ્પના એટલે જ તો,
માટીના ખોળિયામાં શ્વાસ લેતો એક
અદ્દભુત જાદુ.
- કે. ડી. સેદાણી (અમદાવાદ)

## શુભ કલ્પના

ધારી લો કે આ જગતમાં કોઈ વેર નથી,
માણસના મનમાં માણસ પ્રત્યે ઝેર નથી.
નકારાત્મકતા છોડીને મનમાં આશા જગાવો,
આજે સાથે મળીને ‘શુભ કલ્પના’ સજાવો.
કરો શુભ કલ્પના કે હર ચહેરો મલકતો હોય,
કોઈના આંગણે ન અંધકાર ભટકતો હોય.
ભૂખ્યો ન સૂવે કોઈ, ન કોઈ લાચાર હોય,
હર એક હૃદયમાં પ્રેમનો જ સદભાવ હોય.
સુકાઈ ગયેલા વનમાં ફરી વસંત ખીલી ઊઠે,
દુઃખના પહાડો આશાનાં કિરણથી તૂટી પડે.
બીમારીઓ ભાગે ને તંદુરસ્તી હર ઘર આવે,
શાંતિનો પવન આવીને નફરતને ઓગળાવે.
- કૌશિક નિમાવત (અમદાવાદ)

## ‘કલ્પના’

કલ્પનાને આપો એટલો જ આકાર,
જે કરી શકાય સાકાર.
નથી કલ્પનાને કોઈ સીમા,
જાળવજે માનવી તું તારી ગરિમા.
આકાશમાં એ મુક્ત ઊડી જાય,
જ્યાં ન પહોંચે રવિ ત્યાં પણ પહોંચી જાય.
રંગહીન હોવા છતાં એ રંગીન બનાવે,
માણસ પાસે જીવનનો નવો અધ્યાય રચાવે.
જો ન હોય કલ્પના જીવનમાં,
તો શું ફરક રહેશે જીવંત અને નિર્જીવમાં.
- હાર્દિક શાહ